માલપુર તાલુકાને સરકારી યોજનાઓમાં અન્યાય થતા સજ્જડ બંધ રાખી વિરોધ

અરવલ્લી જીલ્લાના માલપુર નગર અને માલપુર તાલુકાને વિવિધ સરકારી યોજનાઓનો પૂરતો લાભ મળતો ન હોવાની સાથે સતત અન્યાય થતો હોવાના આક્ષેપ સાથે વાત્રક નદીની સફાઈની માંગ સાથે માલપુર સંઘર્ષ સમિતિએ માલપુર બંધનું એલાન આપતા મંગળવારે માલપુરના બજારો સહીત નાના-મોટા ધંધા રોજગાર કરતા ધંધાર્થીઓ સ્વયંભૂ બંધમાં જોડાતા સજ્જડ બંધ રહ્યું હતું. રેલી યોજી માલપુર મામલતદાર અને મોડાસા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી. માલપુર નગરમાં માલપુર સંઘર્ષ સમિતિ દ્વારા માલપુર અને તાલુકા પંથકમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો હજુ સુધી મળ્યો નથી, બીપીએલ લાભાર્થી યાદીમાં સાચા ગરીબ લોકોનો સમાવેશ કરવાની માંગ, મામલતદાર કચેરી, સરકારી અન્ય ઓફિસો, પશુ દવાખાનાઓમાં આઉટ સોર્સીંગથી ભરતી કરેલ કર્મચારીઓને લઘુત્તમ વેતનની માંગ, વાત્રક નદીમાં સફાઈની માંગ સાથે માલપુર નગરમાં સજ્જડ બંધ પાડવામાં આવ્યો હોવાનું લાલજી ભગતે જણાવ્યું હતું.

પ્રાંતિજ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગેરરીતિ

આવાસોની બાબતમાં તથા દબાણ બાબતમાં મુખ્ય અધિકારીની કામગીરી નબળી : કોન્ટ્રાકટર, નગરપાલિકાના કર્મચારીઓ સાથે મળીને ગેરરીતિ આચરી હોવાની રાહ

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગેરરીતિ આચરાઈ હોવાની રાહ ઉઠવા પામી છે. યોજનામાં જાહેરમાં ગેરરીતિ થઈ હોવાનું બહાર આવ્યું છે જેમાં ધનવાન તથા બે માળના મકાન વાળા તથા બબ્બે મકાન ધરાવતા મકાન માલિકો પોતાનું મકાન હોવા

કોન્ટ્રાકટર નગરપાલિકા કર્મચારી સદસ્યોની મીલી ભગત પણ ખરેખર તપાસ થાય તો બહાર આવે તેમ છે, ત્યારે જેની ખરેખર જવાબદારી છે તે મુખ્ય અધિકારી આવાસોની બાબતમાં તથા દબાણ બાબતમાં મૌન સેવીને બેઠા હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે.

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ છતાં સહાય પાસ કરવામાં આવી છે અને કોઈ પણ તપાસ કર્યા વગર પોતાના મળતીયાઓને સાથે રાખી નગરપાલિકાની મીલીભગત તથા કોન્ટ્રાકટરો પાલિકા કર્મચારીઓ તથા કેટલાક પાલિકાના સદસ્યોની મીલીભગત થયેલ ગેરરીતિઓ સામે આવી છે તો ખરેખર જરૂરીયાતમંદ લોકો સાથે અન્યાય થયો હોય તેવું સ્પષ્ટ પણે જોઈ શકાય છે. બાબતે ટકાવારીની લ્હાયમાં જાણે મુખ્ય અધિકારીએ પણ આંખ આડા કાન કર્યા હોય તેવું હાલ તો તેમની નબળી કામગીરીને લઈને સ્પષ્ટ પણે જણાઈ આવે છે, ત્યારે જો તપાસ થાય તો સરકારના જીઆરનો ખુલ્લેઆમ ભંગ સહિત કેટલાક કર્મચારીઓ કોન્ટ્રાકટરો અને પાલિકા સદસ્યોના નામ બહાર આવે તેમ છે તો ખરેખર લાભાર્થીઓ વિસરાયા છે ત્યારે શું પ્રધાનમંત્રી આવાસ યોજનામાં થયેલ ગેરરિતી અંગેની તપાસ ખરેખર થશે કે કેમ કે પછી અગાઉ પાલિકામાં થયેલ ડસ્ટબીનમાં થયેલ ભષ્ટ્રાચારની જેમ આની ઉપર પણ પરદો પડી જશે એ તો આવનારા દિવસોમાં જ ખબર પડશે જયારે આ અંગે પ્રાંતિજ નગરપાલિકાના ચીફઓફિસર વિશાલભાઈ પટેલને પુછતાં તેવોએ જણાવ્યું કે આ અંગે મારી ધ્યાને આવ્યું છે અને અમે આ અંગેની ૫૫ જણાને નોટીસો પાઠવી છે અને હજુ બીજા ખોટા લાભાર્થીઓને નોટીસ પાઠવીશુ અને આ અંગેની અમે આગળની કાર્યવાહી ઝડપથી કરીશુ અને જેતે ખોટા લાભાર્થીઓને સામે એકશન લેવામાં આવશે.

ખેડબ્રહ્માની અદાલતે ચેક રીટર્ન કેસમાં સજા ફટકારી

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્માની અદાલતે નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ હેઠળ આરોપીને રૂ. ૧,૨૦,૦૦૦ના ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સાદી કેદ થતા રૂ. ૫૦૦૦ની પેનલ્ટીની સજા ફટકારતા ચેક રીટર્ન કેસના આરોપીઓમાં ફફડાટ ફેલાયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર દરોલ(વા.) ગામના શંકરાનંદ લલ્લુભાઈ દત્તા પાસેથી દિધિયા ગામના રહીશ અને દેરોલ(વા.) સેવા મંડળીના પૂર્વ કલાર્ક વીરાભાઈ નાનજીભાઈ સોનગરાએ સને ૨૦૧૩માં રૂ. ૧,૨૦,૦૦૦ હાથ ઉછીના લીધા હતા. અને આ રકમની ચુકવણી માટે બેંકનો ચેક આપ્યો હતો. આ ચેક શંકરાનંદ દત્તાએ બેંકમાં દેખાડ કરતાં બેંક તરફથી ચેક ડીસઓનર થયો હતો અને બેંકે રીટર્ન મેમામાં 'ફંડ ઈનશફી સીયન્ટ'નો સેરો દર્શાવવામાં આવ્યો હતો.

શંકરાનંદ દત્તાએ વિરાભાઈ સોનગરા વિરૂદ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ મુજબ એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ફરીયાદ દાખલ કરી હતી. આ કેસ ચાલી જતાં શંકરાનંદ દત્તાના વકીલ રાજેન્દ્રસિંહ જે. ચૌહાણની દલીલો ધ્યાનમાં લઈ મેજીસ્ટ્રેટ જે.વી. પરમારે ને.ઈ. એક્ટની કલમ ૧૩૮ મુજબ કસુરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદ તથા રૂ. ૫૦૦૦ની પેનલ્ટી ભરવાની સજાનો હુકમ કર્યો હતો. વધુમાં આરોપી પેનલ્ટી ન ભરે તો વધારાની દિન-૧૫ માટે સાદી કેદની સજાનો પણ હુકમ કર્યો છે.

શ્રી.બી.ડી.મહેતા આરાસુરી કન્યા વિદ્યાલય અંબાજીનું ગૌરવ

અંબાજી, તા. ૪

શ્રી બી.ડી. મહેતા આરાસુરી કન્યા વિદ્યાલય અંબાજીની શાળામાં અભ્યાસ કરતી અને દાંતા તાલુકાના દલપુરાની વતની એવી હેતલબેન છેલ્લા કેટલાય વર્ષોથી અંબાજીમાં અભ્યાસ કરે છે.

અંબાજીની શ્રી.બી.ડી. મહેતા આરાસુરી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની હેતલબેન નિલેશકુમાર બુંબડિયા શ્રી એન.આર.એ. વિદ્યાલય, ભિલોડા, જિ.અરવલ્લી ખાતે તા.૧ અને ૨ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ યોજાયેલ ૫૧માં ઉત્તર ગુજરાત પ્રદેશ કન્યાના યુવા મહોત્સવમાં અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર શહેર, ગાંધીનગર ગ્રામ્ય, કચ્છ, બનાસકાંઠા, સાંબરકાંઠા, પાટણ, અરવલ્લી, મહેસાણા એમ કુલ ૧૦ જિલ્લાની સ્પર્ધામાં શ્રી. બી.ડી. મહેતા આરાસુરી કન્યા વિદ્યાલય અંબાજી શાળાની વિદ્યાર્થીની હેતલ નિલેશકુમાર બુંબડિયાને લોકગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી તેમને શાળા અને અંબાજી ગામ તથા તાલુકાનું નામ રોશન કરતા અંબાજીના લોકોમાં અને દાંતા તાલુકામાં ભારે ખુશી જોવા મળી હતી.

પ્રજ્ઞાચક્ષુ મહિલા ગરબા સ્પર્ધામાં ઈડર અંધજન મંડળ પ્રથમ સ્થાને

સાબરકાંઠા જીલ્લાના ઈડર રાષ્ટ્રીય અંધજન મંડળ પ્રથમ સ્થાને આવતાં આનંદની લાગણી પ્રસરી છે.પ્રજ્ઞાચક્ષુ મહિલા ગરબા સ્પર્ધામાં

વિજેતા જાહેર કરાઈ હતી. ઈડર એન.એ.બી. સાબરકાંઠા જીલ્લા શાખા ગરબા સ્પર્ધામાં ઝળહળી છે. અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રના સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવણી પ્રસંગે સ્વ. ભદ્રાબેન સતિયા અખિલ ગુજરાત પ્રજ્ઞાચક્ષુ મહિલા ગરબા સ્પર્ધાનું આયોજન અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર જામનગર ખાતે અર્વાચીન, પ્રાચીન ગરબા સ્પર્ધા યોજાઈ હતી. રોટરી ક્લબ ઓફ જામનગર, એન.એ.બી. ગુજરાત શાખા અમદાવાદ, વિવિધલક્ષી અંધજન તાલીમ કેન્દ્ર જામનગર ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. ગરબાની સ્પર્ધામાં એન.એ.બી. ઈડર ટીમે અર્વાચીન ગરબામાં પ્રથમ અને પ્રાચીન ગરબામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી રાજ્ય સ્તરે પોતાનો પ્રતિષ્ઠા ધ્વજ લહેરાવ્યો હતો. પ્રાચીન ગરબાના બોલ હતા હે માનો ગરબો ઝાકમ જોળ જ્યારે અર્વાચીન ગરબાના બોલ હતા એક સાબરકાંઠાનો શાહુકાર હતા. ગરબાની સઘન વિશિષ્ટ તૈયારીઓ પ્રવાસી અધ્યાપિકા મીનાક્ષીબેન દવે, પાયલબેન શુકલ, અનિતાબેન પટેલ, મ્યુઝીશીયન વિપુલભાઈ પંડ્યા, સ્નેહાબેન શાહ ધ્વારા કરાઈ હતી. રાષ્ટ્રીય અંધજન મંડળ સંસ્થાને રૂા.૭૫૦૦/-ના માતબર પુરસ્કારો આપી પ્રોત્સાહિત કર્યા હતા. પુર્વ અમદાવાદ, હિંમતનગર, આણંદ, ભુજ વિગેરે સ્થળો પર વિજય મેળવી કલા અને જીલ્લાનું ગૌરવ વધાર્યું હતું. ચાલુ વર્ષે ભુવનેશ્વર ખાતે નૃત્ય સ્પર્ધામાં સાબરકાંઠાની પ્રજ્ઞાચક્ષુ દિકરી વૈભવી પરમાર ૨૫૦ સ્પર્ધકો વચ્ચે પ્રથમ ૧૫ સ્પર્ધકોમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કટરા ખાતે યોજાયેલ અખિલ ભારત ડાન્સીંગ કોમ્પીટીશનમાં ૫૫ એન્ટ્રીઓ પૈકી સંસ્થાની ટીમનું ચતુર્થ સ્થાન રહ્યું હતું. ગત વર્ષ પ્રથમ રહ્યું હતું. સંસ્થાના માનદ્ મંત્રી પ્રો. ભાસ્કરભાઈ મહેતા, સહમંત્રી પ્રવિણાબેન બી.મહેતા વિજેતા ટીમને બિરદાવી પ્રજ્ઞાચક્ષુ દિકરીઓનો જુસ્સો અને ઉત્સાહ વધાર્યો હતો.

મહેસાણા જિલ્લામાં સ્વસ્થ ભારત યાત્રા આઠમીએ પ્રવેશ કરશે

મહેસાણા, તા. ૪

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે સોલ્ટ સત્યાગ્રહ લોહયાત્રા ૮ ડિસેમ્બરે બપોરે ૩-૩૦ કલાકે રામપુરા ચોકડીથી મહેસાણા જિલ્લામાં પ્રવેશ કરનાર છે. જેઓની સાથે મહેસાણા જિલ્લાના સાયકલયાત્રીઓ પણ જોડવાના છે. આ દિવસે સાંજે ૪-૩૦ કલાકે મહેસાણા સરકીટ હાઉસ ખાતે સાયકલ યાત્રાનું સ્વાગત અને સન્માન કરી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવશે.

૯ ડિસેમ્બરે રવિવારે સવારે ૮ કલાકે દુધ સાગર ડેરીથી પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રભાતફેરી પુર્ણ થયા બાદ દુધ સાગર ડેરી હોલ ખાતે ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા ડેરી હોલ ખાતે કાર્યક્રમ યોજાનાર છે. કાર્યક્રમ બાદ ક્લોઝ ડોર મીટીંગનું આયોજન કરાયું હતું આ ઉપરાંત રવિવારે સાંજે ૪ કલાકે સીટી એક્ટીવેશન કાર્યક્રમ અંતર્ગત મોઢેરા ચોકડી, તોરણવાળી માતાના ચોક ખાતે કાર્યક્રમનુ આયોજન કરાયું છે. જેમાં લોકોને પ્રોત્સાહિત કરી યાત્રાની વિશેષ સમજ આપવામાં આવનાર છે.

૧૦ ડિસેમ્બરે સવારે સરકીટ હાઉસ-દુધ સાગર ડેરી ખાતે સવારે ૮ કલાકે યાત્રાને ફ્લેગ ઓફ આપી યાત્રા બનાસકાંઠા જિલ્લા માટે પ્રયાણ થનાર છે.

ભારત સરકાર આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ખોરાક અંગેની જાગૃતિ અર્થે સ્વસ્થ ભારત યાત્રાનું આયોજન કરાયું છે. આ યાત્રા અંતર્ગત ખોરાક જાગૃતિનું અભિયાન ચલાવાઈ રહ્યું છે. જેમાં પોષણયુક્ત આહાર, સ્વસ્થ આહાર, સહિત ખોરાકનો બગાડ કરવો નહિ સહિતના સંદેશાઓ આપવામાં આવી રહ્યા છે.

ભારત દેશમાં ૬ ફ્લેગ ઓફ સ્થળોએ, ૧૫૦ થી વધુ વોલેન્ટર, ૭૫૦૦ થી વધુ સાયકલીસ્ટો દેશના શહેર અને ગામડાઓમાં ૧૮૦૦૦ કિલોમીટરનો પ્રવાસ સાયકલ રેલી દ્વારા કરી જાગૃતિનું કામ કરી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં પણ ૮ ડિસેમ્બરે સાયકલ યાત્રા પ્રવેશ કરનાર છે જેના સ્વાગત સહિતની વિવિધ તૈયારીઓ માટે નિવાસી અધિક કલેકટર હર્ષદ વોરાના અધ્યક્ષ સ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સમાજસેવકો, સંગઠનો, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને જિલ્લાના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

થરા નગરપાલિકા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

કાંકરેજ, તા. ૪

કાંકરેજ તાલુકાના વહેપારી મથક થરામાં આવેલ નગરપાલિકામાં ગઈકાલ સોમવારના રોજ સવારે ૧૦

થી ૫ કલાકે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો. ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગ્ટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. જેમાં જાતી-આવકના દાખલા, ક્રીમીલેયર સર્ટી, ડોમીસાઈલના દાખલા, રેશનકાર્ડમાં નામ સુધારવા ફેરફાર કરવા, મા વાત્સલ્ય કાર્ડ, વિજળીને લગતી કામગીરી, બેન્કને લગતી કામગીરી, જન્મ-મરણના દાખલા, અરજી ટાઈપ, સોગંદનામુ, સ્ટેમ્પ વેન્ડરની સુવિધા, આરોગ્ય વિષયક સુવિધાઓ, બી.પી.એલ.ના દાખલા, વિવિધ યોજનાઓના કોરા ફોર્મનુ વેચાણ, બી.પી.એલ. લાભાર્થી ગેસકિટનુ વિતરણ, વિધવા સહાય, વગેરે જેવા કાર્યો ગામડા તેમજ શહેરમાં વસતાં નાનામાં નાના માણસને ઘેર બેઠા મળી રહે તે ઉદેશ્ય સાથે સરકાર ઘેર બેઠા તમામ સુવિધા પહોચાડવાનો ઉદેશ્ય સાથે સેવારુપ સાબિત થાય તે માટે સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. આવક-જાતિના દાખલા-૭૨, આરોગ્ય વિભાગ ડાયાબિટિસ- ૩૪ ઓપીડી-૩૫ કુલ ૬૯, આધાર કાર્ડ-૧૯, સ્ટેમ્પ-૫૪, બેંક ખાતા-૧૦, આયુષ્યમાન ભારત અરજી-૧૦, મા-કાર્ડ-૧૦, રેશનકાર્ડ-૪૦ વગેરે અરજીઓનો ત્રણ વાગ્યા સુધી સ્થળ ઉપર નિકાલ કરવામાં આવ્યો હતો.

થરા નગર પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોર, ઈન્ચાર્જ મામલતદાર બાબુભાઈ જોષી, ચિફ ઓફીસર ઉપેન્દ્રભાઈ ગઢવી, તાલુકા હેલ્થ ઓફીસર બ્રિજેશ વ્યાસ, અમરતભાઈ પ્રજાપતી- વરસડા, યુ.જી.વી.સી.એલ. જુનિયર એન્જીનિયર આર.આર. મોદી, બેંક ઓફ બરોડા ભરતભાઈ ઠાકોર, કિશનભાઈ બારોટ, સ્ટેટ બેંક થરા શાખાના કીર્લીકર હરીશસિંહ પરીહાર, થરા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કનુભાઈ ઠકકર, બ.કા. લધુમતી મોર્ચો મહામંત્રી ફકુભાઈ સાંચોરા, નગરપાલિકા વિરોધપક્ષના નેતા ખાનુભા કે.વાઘેલા, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

મોટું રેકેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર પોલીસે પેપર લીક કૌભાંડની તપાસ શરૂ કરીને ગઈકાલે ચાર આરોપીઓ પકડયા હતા. જેમાં એક પી.એસ.આઈ, એક મહિલા અને બે ભાજપના નેતાઓ હતા. ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી પૂછપરછ માટે રિમાન્ડની માંગણી કરતા કોર્ટે ચારેયના દસ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. ચારેયની સઘન પૂછપરછ કરતા વડોદરાના યશપાલસિંહ સોલંકી નામના હંગામી કર્મચારીનું નામ ખુલ્યું હતું. તપાસ કરતાં ખબર પડી કે યશપાલ પોતે આ પરીક્ષામાં ઉમેદવાર હતો અને યશપાલ સહિત અન્ય ઘણા ઉમેદવારો યશપાલ સાથે દિલ્હી ગયા હતા. તે પૈકીના ચાર આરોપીઓને આજે ગાંધીનગર પોલીસે દબોચી લીધા છે. અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે રહેતાં પ્રિતેશ નટવર પટેલ, મહેસાણાના મેદવ ખાતે રહેતા નરેન્દ્ર પૃથ્વીરાજ ચૌધરી, બનાસકાંઠાના વડગામ ખાતે રહેતા અજય મફતસિંહ પરમાર અને ઉત્તમ હરિસિંહ ભાટી નામના ચાર શખ્સોની ધરપકડ કરી વધુ પૂછપરછ માટે રિમાન્ડ મેળવવા કવાયત શરૂ કરી છે. પોલીસે શરૂ કરેલી ઈન્ટ્રોગેશન દરમિયાન સ્ફોટક વિગતો બહાર આવી છે કે ગુજરાતની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરવા પાછળ દિલ્હીની એક પ્રોફેશનલ ગેંગ સક્રિય છે. માત્ર ગુજરાત જ નહીં પરંતુ અન્ય કેટલાક રાજયોના સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર પણ આ ગેંગ દ્વારા લીક કરાયાની વિગતો પોલીસને આ તપાસ દરમ્યાન મળી છે. આ ગેંગ કેવી રીતે અન્ય રાજ્યોના સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરતી હતી અને સમગ્ર કૌભાંડ આચરી હતી તે સહિતની ઝીણવટભરી તપાસ ગાંધીનગર પોલીસે એટીએસ અને અમદાવાદ ક્રાઈમની ટીમની મદદથી શરૂ કરી છે. અત્યાર સુધી પકડાયેલા તમામ આઠ આરોપીઓ પૈકી છ આરોપીઓ પોતે ઉમેદવાર હોવાનું બહાર આવ્યું છે. જ્યારે એક આરોપી પી.એસ.આઈ તેના સંબંધી માટે આ પેપર લીક કરવા પાછળ સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું છે અને એક સૂત્રધાર ભાજપનો નેતા મનહર રૂપિયા કમાવવા આ કાંડ કરતો હોવાનું બહાર આવ્યું છે. દિલ્હીની પેપર લીક ગેંગ નુ ગુજરાત કનેક્શન કરાવી આપનાર હાલના તબક્કે નિલેશ નામનો શખ્સ હોવાની પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસ આ નિલેશને શોધી રહી છે કે જેણે પરીક્ષાના ત્રણ દિવસ પહેલા એક ટાવેરા ગાડી અને ત્રણ ઈનોવા ગાડી મળીને ચાર મોટી ગાડીઓ ગાંધીનગર નજીક સરદાર પટેલ રિંગ રોડ ઉપર આવેલા નાનાચિલોડા પાસેથી દિલ્હી જવા માટે ઉપાડી હતી. ઉપથી વધુ સેટીંગબાજ ઉમેદવારોને આ ગાડીઓમાં બેસાડીને દિલ્હી લઈ જવાયા હતા અને ત્યાં આ પેપર લીક ગેંગના સાગરીતોને સોંપી ઉમેદવારોના મોબાઈલ જપ્ત કરીને લીક કરેલુ પેપર સોલ્વ કરાવી આપી પરત ગુજરાત લાવવામાં આવ્યા હતા.

દિપડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોયો હોવાની વાત સામે આવી હતી. જયારે બે દિવસ અગાઉ દિપડાના પગમાર્ક હોવાનુ ધ્યાને આવતા વનતંત્ર દિપડાને કેદ કરવા માટે હરકતમાં આવ્યુ હતુ.ગઈકાલે વનતંત્ર દ્વારા બકરાનુ મારણ મુકીને દિપડાને લુભાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ કાંઈ હાથ લાગ્ય ન હતુ જયારે આજે પણ વનતંત્રએ સંભવિત વિસ્તારમાં બન્ને બાજુ પાંજરા ગોઠવી દીધા છે. પરંતુ દિપડો નદીકાંઠના વિસ્તારમાં અન્ય કોઈ ઠેકાણે સ્થળાંતર કરી ગયો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. ત્યારે હવે દિપડને કેદ કરવાનુ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે.

ડીસા સ્થાનિક મેમણ જમાતનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

૧૨૨ વિદ્યાર્થીઓને ઇનામ તથા રોકડ રકમથી પ્રોત્સાહીત કરાયા

ડીસા સ્થાનિક મેમણ જમાત નો ચોથો ઈનામ વિતરણ સમારોહ રોયલ રેસીડેન્સી માં યોજાયો હતો જેમાં વિદ્યાર્થીઓ ને ઈનામ તથા રોકડ રકમ થી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા આ પ્રસંગે

હા.આબીદભાઈ કલોલવાળા તથા બશીરભાઈ વકીલ મહેસાણા, તથા અબ્દુલકાદરભાઈ હિરવાણી વડનગર તથા હા.હનીફભાઈ કોહિનૂરવાળા, મોહમદભાઈ જુનાડીસા, ફકીરમોહમદભાઈ રાજપુર, મોહમદભાઈ ઉચાસનવાળા, જાનમોહમદભાઈ બેન્કર, ફારૂકભાઈ માસ્ટર,તોસિફભાઈ (રોયલવાળા) દિલાવરભાઈ માસ્ટર, કાદરભાઈ રાજપુર, મોલાના યાસીનસાબ, મુફ્તી ઈઝમામસાબ તથા સ્થાનિક જમાત ના પૂર્વ પ્રમુખો તથા કારોબારી સભ્યો સહિત હાજર રહ્યા હતા કાર્યક્રમ ની શરૂઆત તિલાવતે કુરઆન થી કરવામાં આવી હતી આ પ્રસંગે જુનિયર કે જી થી માંડીને કોલેજ સુધી તથા આગળ અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓ ને તેમજ આલીમ,હાફિઝ, બનતા ઉલમાઓને ઈનામ થી પ્રોત્સાહિત કર્યા હતા જયારે જાનમોહમદભાઈ બેન્ક વાળા તરફથી જુનિયર કે જી થી માંડીને કોલેજ માં પ્રથમ નમ્બર લાવનારને રોકડ રકમ આપવામાં આવી હતી તેમજ અબ્દુલકાદરભાઈ રાધનપુર વાળા એ મુફ્તી સાબ ને સિલ્વરમેડલ આપી સન્માન કર્યું હતું. જયારે અશરફભાઈ બિલ્ડર દ્વારા ધો ૧૦ અને ધો૧૨ માં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ ને રોકડ રકમ થી પ્રોત્સાહિત કરાયા હતા આ પ્રસંગે હા.આબીદભાઈ કલોલ વાળા એ વ્યસાયલક્ષી શિક્ષણ મેળવી કારકિર્દી બનાવવા અનુરોધ કર્યો હતો અને ડિસા સ્થાનિક મેમણ જમાત ની શિક્ષણ સમિતિએ મહિલાઓની પરદા ની પાબંદી સાથે કરેલ પ્રોગ્રામ ને બિરદાવ્યો હતો અને મહિલાઓ ને પ્રોગ્રામ નિહાળવા માટે અલગ બાર ફૂટ લાંબી એલ ઈ ડી ટીવી સાથે કરેલ પ્રોગ્રામ ને બિરદાવી દરેક જમાતે આવા શિક્ષણ ના પ્રોગ્રામ પડદા ની પાબંદી સાથે મહિલાઓ સાથે કરવા અનુરોધ કર્યો હતો.

કરતારપુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિજયસિંહ શેખાવત અને એડમિરલ માનવેન્દ્રસિંહે નૌકાસેનાના પ્રમુખ તરીકે સેવા આપી હતી. તેમના દૂર દૂર સુધી દરિયા સાથે કોઈ લેવા દેવા ન હતા પરંતુ નૌસેનાનું નેતૃત્વ કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, નૌસેનાની છ પુત્રીઓએ દુનિયામાં એક પછી એક રેકોર્ડ કર્યા છે. મેક ઈન ઈન્ડિયા હેઠળ બનેલી એક નૌકાને લઈને સમગ્ર વિશ્વના પ્રવાસે દરિયાઈ માર્ગ મારફતે નિકળી હતી અને ભારતનો ધ્વજ લહેરાવીને છ પુત્રીઓ પરત ફરી છે. રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર હવે ચરમસીમા ઉપર છે. ચૂંટણી પ્રચારને લઈને ભાજપ તરફથી નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધીએ પ્રચારની જવાબદારી સંભાળી છે.

કેસમાં ફટકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તેમના ટેક્સ મૂલ્યાંકનના મામલાને ફરી ખોલવા સામે તેમની અરજીને ફગાવી દેવામાં આવી હતી. ૧૩મી નવેમ્બરના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, ચોથી ડિસેમ્બરના દિવસે આ મામલામાં અંતિમ સુનાવણી હાથ ધરવામાં આવશે જેના આધાર પર વ્યાપક સુનાવણીની જરૂર રહેશે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને ઓસ્કાર ફર્નાન્ડિઝ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર વિધિવત નોટિસ જારી કરવામાં આવી નથી. તેમના વકીલો દ્વારા આ કેસનું પ્રતિનિધિત્વ કરવામાં આવી રહ્યું છે. હાઈકોર્ટના ચુકાદાને આ લોકોએ પડકાર ફેંક્યો હતો. હાઈકોર્ટે તેમના રેકોર્ડમાં ચકાસણી કરવા વિભાગને તક આપી હતી. વકીલોએ કહ્યું હતું કે, વિભાગ દ્વારા આપવામાં આવેલી નોટિસમાં અપાયેલા કારણો યોગ્ય છે કે કેમ તેને લઈને પ્રશ્નો થાય છે. કોંગ્રેસના નેતાઓ તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ, પી. ચિદમ્બરમ અને અરવિંદ દાતાર દ્વારા તર્કદાર દલીલો કરવામાં આવી હતી. નેતાઓ સામે ઈન્કમટેક્સની તપાસ પ્રાઈવેટ ક્રિમિનલ ફરિયાદ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરવામાં આવ્યા બાદ હાથ ધરવામાં આવી હતી. નેશનલ હેરાલ્ડ કેસના સંબંધમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ સુબ્રમણ્યમ સ્વામીએ અરજી કરી હતી. આ કેસમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી હાલમાં જામીન ઉપર છે. ટ્રાયલ કોર્ટ દ્વારા આ કેસમાં જામીન આપવામાં આવ્યા હતા.